## મહત્વની સૂચના અને શરતો

- જો કોઇ ઉમેદવાર પસંદગી પામે તો તેઓ સરકારશ્રીની એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૭ મુજબની ગણવાની રહેશે અને સરકારશ્રીના નિયમોનુસાર જે કોઇ ફેરફાર, શરતો લાગુ પડે તે માન્ય ગણવાના રહેશે.
- ટ્રેડને લગતી લાયકાત અને અનુભવના આધારે ઉમેદવારને વૉક-ઇન-ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે અને તેઓની લાયકાતના આધારે ઉમેદવારની અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે.
- જો કોઇ ઉમેદવારે આ અગાઉ પોતાની લાયકાત અનુસાર જે તે ટ્રેડમાં એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧/૧૯૭૩ અનુસાર એપ્રેન્ટીસ કરેલ હશે તો તેઓ બીજી વખતે તે જ ટ્રેડમાંએપ્રેન્ટીસ (તાલીમાર્થી) તરીકે માન્ય ગણાશે નહીં.
- જો કોઇ ઉમેદવાર દ્વારા ખોટી માહિતી આપ્યા અંગેનું ધ્યાન ઉપર આવશે તો તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.
- ઉમેદવાર ઇન્ટરવ્યુ તારીખે ૧૪ વર્ષથી નીચેની વય-મર્યાદા ધરાવતો  હોવો જોઇએ નહીં.
- ઉમેદવારે એપ્રેન્ટીસ એક્ટ અન્વયે સંસ્થામાં એપ્રેન્ટીસ પૂર્ણ કર્યા બાદ અત્રેની સંસ્થાની એપ્રેન્ટીસને રોજગારી આપવા અંગેની કોઇ જ જવાબદારી રહેશે નહીં.
- સંસ્થાના નિયમોનુંસાર મળવાપાત્ર રજાઓ એપ્રેન્ટીસ કરનાર ઉમેદવારને મળવાપાત્ર રહેશે.
- સંસ્થાના નિયમોનુંસાર પસંદગી પામેલ તાલીમાર્થીએ સંસ્થામાં હેલ્થ-ચેકઅપ કરાવવાનું ફરજીયાત રહેશે.
- તાલીમાર્થી તરીકે પસંદ પામેલ ઉમેદવારે સંસ્થાના દરેક નીતિ-નિયમોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
- જો કોઇ ઉમેદવાર એક કરતાં વધારે ટ્રેડમાં અરજી કરશે તો તેની તમામ અરજીઓ આપો-આપ રદ ગણવાની રહેશે.
- ઉમેદવાર વૉક-ઇન-ઇન્ટરવ્યુ માટે આવે ત્યારે સાથે ઓરજીનલ સર્ટીફિકેટ, તમામ સર્ટીફિકેટની નકલમાં સ્વ હસ્તાક્ષર કરેલ હોવી જોઇએ. સાથે લાવવાની ડોક્યુમેન્ટની વિગત નીચે મુજબ છે.
  - આળખનો પુરાવો ( લાયસન્સ / ઇલેક્શન કાર્ડ / બર્થ સર્ટીફિકેટ)
  - રહેઠાણનો પુરાવો
  - આધાર કાર્ડ (ફરજીયાત)
  - શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર
  - અનુભવનું પ્રમાણપત્ર (જો હોય તો)
  - પાસપોર્ટ સાઇઝના ફોટો નં.૪
  - શાળા છોડ્યાનું પ્રમાણપત્ર
  - પાન કાર્ડ (જો હોય તો)

નોંધઃ- અગાઉ ઓન લાઇન એપ્રેન્ટીસ તરીકે જે ઉમેદવારે અરજી નોંધણી કરાવેલ હોય તેઓએ આ એપ્રેન્ટીસ માટે અરજી કરવાની રહેશે નહીં.

નિયામક